**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૧૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૬૮ ટકા

# શિયાળાની ઠંડી સાથે વસાણાનું આગમન

## ઠંડીની સિઝનમાં સૂંઠ, ગંઠોડા જેવા શકિતવર્ધક મસાલાથી ભરપૂર વસાણા બજારમાં વેચાવા તૈયાર



ગાંધીનગર, તા.૨૧

શહેરમાં ગુલાબી ઠંડી છેલ્લા એક અઠવાડિયાથી શહેરીજનો અનુભવી રહ્યા છે. મોર્નિંગ વોક કરી પોતાના સ્વાસ્થ્યની જાળવણી કરવા સાથે શિયાળામાં ખવાતા વસાણા બનાવવા કે ખરીદવા માટે શહેરીજનોમાં ઉત્તેજના જોવા મળી રહી છે. છેલ્લા ત્રણેક દિવસથી શહેરના સ્વીટ માર્ટમાં તાજા વસાણા દેખાઈ રહ્યા છે.

શિયાળો એટલે સ્વાસ્થ્ય બનાવવાની ઋતુ. ઠંડીની સિઝનમાં થોડો ગરમાટ અનુભવવા વિવિધ વસાણા ખાવાની ઋતુ. લીલા શાકભાજીની આવક સાથે વિવિધ વાનગી બનાવી આરોગવાની ઋતુ. શિયાળાની સિઝનમાં વર્ષોથી ચાલતી પ્રથા મુજબ સાસુ વહુ માટે મેથી પાક કે ગુંદરપાક બનાવીને આપે ઘરે આવેલી નવી વહુને તાજીમાજી કરવા માટેનો એક માર્ગ કહી શકાય. આ સાથે પરિવારજનો પણ આ વાનગી ચાખે તે માટે ઘરે વધુ બને એમ આ પરંપરા ચાલતી આવે છે તે હવે મેથી પાક સિવાય અડદિયા, ગુંદરપાક, ખજુરપાક, બદામપાક જેવા વિવિધ પાક બનતા થયા છે. શહેરીજનો આરોગતા થયા છે અને શહેરની સ્વીટમાર્ટમાં આ પાક વેચાતા થયા છે. વિવિધ શકિતવર્ધક મસાલાથી ભરપુર વસાણા ખાવાથી શિયાળામાં તાજગી સાથે નિરોગી અનુભવાય છે. જે બાબતને ધ્યાનમાં લઈ શહેરીજનો વસાણા ખરીદવા ઉત્સુક જણાઈ રહ્યા છે.

શહેરના રાધે સ્વીટ માર્ટ અને વૃંદાવન સ્વીટ માર્ટ તથા વિવિધ મીઠાઈની દુકાનોમાં વસાણા વેચાઈ રહ્યા છે. જેમાં ખજુરપાકનો ભાવ રૂ. ૪૮૦, બદામ પાક ૬૪૦ રૂપિયે કિલો, ગુંદરપાક ૪૪૦ થી ૫૬૦ રૂપિયે કિલો, અડદિયા અને મેથીલાડુ ૪૮૦ થી ૫૬૦ રૂપિયે કિલો, ગુંદર ડ્રાયફ્રુટ લાડુ અને ખજુર ડ્રાયફ્રુટ લાડુ ૬૦૦ રૂપિયે કિલો, સફેદ અને કાળા તલનું કચરિયુ ૨૪૦ રૂપિયે કિલો, સાલમ પાક ૬૮૦ થી ૭૨૦ રૂપિયે કિલો એમ વેચાણમાં છે. વેપારીઓના કહ્યા મુજબ હાલ અડદિયા અને મેથી લાડુની માંગ વધુ છે.

## બિનસચિવાલય પરીક્ષામાં થયેલ ગેરનીતિ અંગે એનએસયુઆઈનું જિલ્લા કલેકટરને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૨૧

સૌથી વધુ ચર્ચિત બિન સચિવાલય કલાર્કની તાજેતરમાં જ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલી પરીક્ષા બાબતે કેટલાક પ્રશ્નો ઉઠયા છે. આ બાબતે



ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈના પ્રમુખ અમિત પારેખ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. ગૌણ સેવા પસંદગી મંદળ દ્વારા દોઢેક મહિના પહેલા બિન સચિવાલય કલાર્કની પરીક્ષા યોજાનાર હતી પરંતુ સંજોગોવશાત પરીક્ષા મોકુફ રાખીને તા. ૧૭ નવેમ્બરના રોજ યોજાઈ હતી. જેમાં ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું તેમ જાણવા મળ્યું છે. જિલ્લામાં અલગ અલગ શાળા-કોલેજમાં પરીક્ષા કેન્દ્રની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરિણામ સમય ૧૨ થી ૨નો હતો અને પરીક્ષાર્થીઓને ૧૧ વાગ્યે સેન્ટર પર હાજર રહેવા જણાવાયું હતું. જાણવા મળ્યું છે કે સુરેન્દ્રનગરની એમ.પી. શાહ કોલેજના કેન્દ્રમાં પરીક્ષાર્થીઓ પોતાના વર્ગખંડમાં બેસતા જ ૪ થી ૫ વર્ગખંડની અંદર ૧૧.૩૦ વાગ્યા દરમિયાન પેપર બંચ સીલ કર્યા વગરનું ખુલ્લુ જોવા મળ્યું હતું. ઉલ્લેખનીય છે કે નિયમ મુજબ પેપર બંચ પરીક્ષાર્થીઓની હાજરીમાં જ ખોલવાનું હોય છે. આ બાબતે પરીક્ષાર્થીઓ દ્વારા નિરીક્ષકને જાણ કરાતા તેમણે ઉડાવ જવાબ આપ્યો હતો તથા કોલેજના પ્રિન્સિપાલને જાણ કરાતા તેમણે પણ અલગ નિવેદન આપ્યું હતું. ગૌણ સેવા આયોગના અધિકારીઓને જાણ કરાતા જાણવા મળ્યું કે તેઓએ પણ તમામ બંચ તપાસ કર્યા પછી જ આપ્યા હતા.

આ ઉપરાંત પરીક્ષાર્થીઓએ પ્રિન્સિપાલ પાસે આ બાબત લેખિતમાં જવાબરૂપે લેવા જતા તેમણે પ્રુફસાથે ચેડા કર્યા હોય તેવું સીસીટીવી કેમેરામાં કેદ થયું છે. આ બાબત ગુજરાત રાજયમાં પ્રથમ બની હોય તેમ પણ નથી ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈના પ્રમુખ અમિત પારેખ તથા સભ્યો દ્વારા આ અંગે સરકાર દ્વારા તપાસ થાય અને દોષિત સામે કડક પગલાં લેવાય તેવી માંગ સાથે ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.



ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર વાહનચાલકો રોકેટગતિએ વાહનો હંકારતા નજરે પડે છે. જેને પગલે શહેરના માર્ગો પર નાના મોટા અકસ્માત સર્જાતા રહે છે ત્યારે નગરના 'ગ' માર્ગ પર સીએનજી પેટ્રોલ પંપ પાસે વાહન અકસ્માતની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. જેને પગલે 'ગ' માર્ગ પર સીએનજી પેટ્રોલ પંપ પાસે સેકટર૫/૬ના કટ પાસે તંત્ર દ્વારા બમ્પ મૂકવામાં આવે તેવી સ્થાનિક નાગરિકોની લાગણી અને માંગણી છે. જયારે અકસ્માતને પગલે અનેક નાગરિકોને નાની મોટી ઈજા પહોંચે છે.

## પ્રેન્ક વિડીયો માટે યુવતિ સાથે કરેલી મજાક યુવકને ભારે પડી

ગાંધીનગર, તા.૨૧

શહેરના કેટલાક યુવાનો સોશિયલ મિડીયાના આ યુગમાં પ્રેન્ક વિડીયો તૈયાર કરવાના ચક્કરમાં જેલની હવા ખાતા રહી ગયા છે. સેકટર-૨૭ની ખાનગી હોસ્ટેલમાં રહેતી યુવતિ પર નગરના ૨૧ વર્ષિય યુવકે વીગ નાંખી હતી. આ સમયે તેના મિત્રો વિડીયો ઉતારી રહ્યા હતા. જયારે વીગ પડતા ગભરાઈ ગયેલી યુવતિએ હોહા કરતા હાજર નાગરીકોએ યુવકને પકડી પાડ્યો હતો. ત્યારબાદ યુવતિએ ૧૮૧ ની મદદથી યુવકને પોલીસને સોંપ્યો હતો.

ઘટનાની પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેકટર-૨૭ ખાતે ખાનગી હોસ્ટેલમાં રહીને ૧૯ વર્ષિય યુવતિ અભ્યાસ કરે છે. તાજેતરમાં સાંજના સુમારે તે ઝેરોક્ષ કરાવવા માટે બહાર નીકળી હતી. તે સમયે એક યુવકે આવીને તેને પોલીસ મથકનું એડ્રેસ પુછ્યુ હતું. સરનામુ બતાવીને યુવતિ ચાલતી થાય તે સમયે યુવક તેના પર માથે વીગ નાંખે છે. ગભરાઈ ગયેલી યુવતિએ હોહા મચાવતા સ્થાનિક યુવકો દોડી આવ્યા હતા. તેઓએ યુવક ભાગે તે પહેલા જ પકડી પાડ્યો હતો ત્યારબાદ ગભરાઈ ગયેલી યુવતિએ ૧૮૧ મહિલા હેલ્પલાઈનની મદદ લીધી હતી. જેથી ૧૮૧ ગાંધીનગરના કાઉન્સિલર દિપીકાબેન ત્યાં પહોંચી ગયા હતા. જે બાદ ૧૮૧ ટીમે યુવકને પકડી પાડી સેકટર-૨૧ પોલીસ મથકને સોંપ્યો હતો. યુવતિએ ૧૮૧ મારફતે પોતાના સાથે થયેલી મશ્કરી અંગે પોલીસને અરજી આપી હતી. જો કે સેકટર-૨૧ પોલીસે યુવકને ઠપકો આપીને છોડી મુક્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પોલીસે પાર્થનો મોબાઈલ ચેક કરતા તેમાં આ પ્રકારના ૧૦ થી વધુ વિડીયો મળી આવ્યા હતા. જેને ડિલીટ કરાવીને પોલીસે તેનો મોબાઈલ જપ્ત કરી લીધો હતો. તેઓએ યુવતિને જ ત્રણ વાર ટાર્ગેટ કરી હતી. જેથી યુવતિએ તેની સામે કડક પગલા લેવાની માંગ કરી છે. જયારે યુવકે કહ્યું હતું કે તેઓએ યુ-ટયુબ પર આ પ્રકારના વિડીયો જોયા હતા. ત્યારબાદ તે અને તેના આઠ દશ મિત્રો છેલ્લા બે દિવસથી આ પ્રકારના યુવતિના ટોળા પર વીગ ફેંકીને વિડિયો બનાવતા હતા. જો કે તેઓએ અત્યાર સુધી આ વિડિયો ક્યાંય અપલોડ કર્યા નથી.

## રવિવારે સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા ચતુર્થ સમુહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા ચતુર્થ સમુહ લગ્નોત્સવ તા. ૨૪ નવેમ્બરના રોજ સે-૧૬ સ્થિત સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન ખાતે યોજાશે.

બ્રહ્મસમાજ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી સમૂહ લગ્નોત્સવ તથા સમૂહ યજ્ઞોપવિતનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ સંસ્થા દ્વારા ચતુર્થ સમૂહલગ્નનું આયોજન સંવત ૨૦૭૬, કારતક વદ તેરસને તા. ૨૪ નવેમ્બરના રોજ સે-૧૬ સ્થિત સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન, સોમનાથ મહાદેવ મંદિર ખાતે કરવામાં આવ્યું છે. જેમાં ૧૩ યુગલો પ્રભુતામાં પગલા માંડશે. આ પ્રસંગ અંતર્ગત તા. ૨૩ નવેમ્બરના રોજ સાંજે ૫ થી ૧૦.૩૦ દરમિયાન મહેંદી રસમ અને તા. ૨૪ નવેમ્બરના રોજ સવાર ૬ કલાકથી લગ્નવિધિ શરુ થશે.

સમસ્ત બ્રહ્મસમાજ આયોજીત સમૂહ લગ્નોત્સવ અંતર્ગત તા. ૨૪ નવેમ્બરના રોજ સવારે ૫.૩૦ કલાકે ગણેશસ્થાપન, ૬ કલાકે મંડપ મૂહૂર્ત, ૭ કલાકે વરઘોડો, ૯.૩૯ કલાકે હસ્તમેળાપ તથા ૧૧ વાગ્યે ભોજન સમારંભ યોજાશે. કન્યાવિદાય બપોરે ૧ કલાકે થશે.

આ સમુહલગ્ન પ્રસંગે નવયુગલોને આશીર્વાદ આપવા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, ધારાસભ્ય સી.જે. ચાવડા, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના પૂર્વ ચેરમેન આશિષભાઈ દવે, ગોંડલ ભુવનેશ્વર પીઠથી પૂજય ઘનશ્યામજી મહારાજ, ગુજરાત રાજય સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ, મંત્રી તથા શહેરના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે. ૧૩ નવદંપતિના સમુહ લગ્નોત્સવની વિધિ વેદભવન દ્વારકાના શાસ્ત્રી કેતનકુમાર મહેતા દ્વારા કરાવવામાં આવશે.

આ લગ્નોત્સવ અંતર્ગત વરકન્યાના કરિયાવર, પાનેતરથી લઈ ભોજન, સાઉન્ડ, ઉતારા જેવી દરેક વ્યવસ્થાના દાતાઓ દ્વારા દાન આપવામાં આવ્યું છે. જેમાં ભોજનના મુખ્ય દાતા આશિષભાઈ દવે, કરિયાવરના દાતા ડૉ. સી.જે. ચાવડા, પાનેતરના દાતા નિશિત વ્યાસ, લાઈટ સાઉન્ડના દાતા જય દવે, મંડપના દાતા ચેતન રાવલ, મહેંદી રસમના દાતા CERA સેનેટરીવેર, મા માટલાના દાતા સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગર, ઉતારા વ્યવસ્થાના દાતા રાકેશભાઈ જાની તથા આ પ્રસંગે વિવિધ દાતા દ્વારા વર કન્યાને પ્રસંગોપાત દાન અપાશે. સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ પિનાકીન એમ. રાવલ, મહામંત્રી નરેશ દવે, ખજાનચી નરેન્દ્ર વ્યાસ, સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખના પ્રમુખ ચંદ્રિકાબેન રાવલ, મહામંત્રી જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય, ખજાનચી પ્રતિમાબેન ત્રિવેદી, સમસ્ત બ્રહ્મસમાજ યુવા પરિવારના પ્રમુખ જયશ્રી ખેતિયા, મહામંત્રી ક્રિષ્ના રાવલ અને ખજાનચી મંથન ભટ્ટ દ્વારા સમાજના સર્વેને આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ખોરજ પાસે ટ્રેલરની અડફેટ બાઈક ચાલક આધેડનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૧

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અરવલ્લી જિલ્લાના ઝુમસર ગામના દિલિપભાઈ નાથુભાઈ અસારી (૪૩ વર્ષ) ખોરજ ખાતે આઈસીડીમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. ચાર વાગ્યાના અરસામાં બાઈક લઈને આધેડ નોકરી પર જઈ રહ્યા હતા, તે સમયે ખોરજ નર્મદા કેનાલ પર ટ્રેલરે બાઈક ચાલકને ટક્કર મારી હતી. બનાવને પગલે બાઈકનો ખુડદો બોલી ગયો હતો, જયારે દિલિપભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયુ હતું. અકસ્માતને પગલે જી.જે.૦૧, બી.વી.-૧૫૨૮ નંબરના ટ્રેલર ચાલક ટ્રેલર મુકીને ભાગી છુટ્યો હતો. દિલિપભાઈ છેલ્લા આઠ વર્ષથી પત્ની સાથે અડાલજ ખાતે રહેતા હતા. જયારે તેમના પિતા અને અન્ય ત્રણ ભાઈઓનો પરિવાર ગામડે વતનમાં રહે છે. પુત્રના મૃત્યુના સમાચાર મળતા જ મૃતકના ૭૨ વર્ષિય પિતા નાથુભાઈ મોતીભાઈ અસારી પરિવારના અન્ય સભ્યો સાથે તાત્કાલીક અડાલજ ખાતે દોડી આવ્યા હતા. જયા તેઓને પુત્રનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકના પિતાએ અડાલજ ખાતે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

## બીબીએ કોલેજમાં ઉદ્યોગ સાહસિકતા વિષયે વર્કશોપ



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીબીએ ખાતે વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતાના ગુણો ખીલે તે હેતુથી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને આજના યુગની જરૂરિયાત અનુસાર વેલ્યુ પ્રપોઝીશન, સ્કેલ એબીલીટી સહિતના મુદ્દાઓને આવરી લેતું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે એક નવો વ્યવસાય ઉભો કરવા માટેના સંશાધનોની જરૂરયિાત અને તેની પૂર્તિ અંગે છણાવટ સાથે સફળ ઉદ્યોગ સાહસિકોના ઉદાહરણ સહિત વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિક બનવા પ્રેરિત કરાયા હતા. વર્કશોપમાં ૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમને વર્કશોપના મુક્ય વકતા ડૉ. કૃતિ પટેલે વિષય આધારિત માર્ગદર્શિત કર્યા હતા.

## ગાંધીનગર જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા આંતરરાષ્ટ્રીય બાળ દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૧

જિલ્લા બાળ સુરક્ષા એકમ, ગાંધીનગર દ્વારા તા. ૨૦ નવેમ્બર-૨૦૧૯ આંતરરાષ્ટ્રીય બાળ દિન નિમિત્તે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અગ્ર સચિવ શ્રી મનોજ અગ્રવાલના અધ્યક્ષ સ્થાને ખાસ બાળ ગૃહ, સેકટર – ૧૯, ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય બાળ દિનની ઉજવણી કરવામાં આવી હતી.

સામાજિક ન્યાય અને અધિકારી વિભાગના સચિવશ્રીએ સંસ્થામાં આશ્રિત બાળકોને સરકારશ્રીની પાલક માતા-પિતા યોજના, સ્પોન્શરશીપ યોજના, ફોસ્ટર કેર યોજના તથા આફ્ટર કેર યોજના વિશે વિગતવાર સમજ આપી હતી.

તે ઉપરાંત ગાંધીનગર જિલ્લાની જુવેનાઈલ જસ્ટીસ



એક્ટ-૨૦૧૫ હેઠળ રજીસ્ટ્રેશન થયેલ સરકારી બાળ સંભાળ ગૃહ, સે-૧૩, સ્વૈચ્છિક સંસ્થા જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન સંચાલિત ખાસ બાળગૃહ, સેકટર-૧૯, ગાંધીનગર તથા દિવ્યાંગ ધારા હેઠળ નોંધાયેલ વિશેષ એજ્યુકેશન સેન્ટર, કુડાસણ સંસ્થાના બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ચિત્ર સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, સંગીત ખુરશી, લીંબુ ચમચી, બોલ પાસિંગ અને બલુન બેલેન્સીંગ જેવી રમતો તથા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતા બાળકોને ઈનામ તથા "મા કાર્ડ" તેમજ જન શિક્ષણ સંસ્થાનમાં સફળતાપૂર્વક પૂર્ણ કરેલ વ્યવસાયિક તાલીમના પ્રમાણપત્રોનું વિતરણ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અગ્ર સચિવ શ્રી મનોજ અગ્રવાલ, કલેક્ટર શ્રી ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર. આર. રાવલ તથા માન. નિયામક શ્રી, જી. એન. નાચિયા, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજયના હસ્તે કરી બાળકોને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અંદાજિત ૧૬૦ બાળકો તથા વાલીઓએ ભાગ લીધો હતો.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**મરજાવા**
૧૧.૪૫, ૫.૧૫, ૧૦.૪૫
**પાગલપંતી**
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૫, ૬.૧૦, ૭.૧૦, ૯.૧૫, ૧૦.૧૫
**બાલા**
૧૦.૩૦, ૨.૩૦, ૮.૦૦
**હાઉસફૂલ-૪**
૯.૪૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૦, ૧.૨૦, ૭.૨૫, ૧૦.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**મરજાવા**
૯.૪૫, ૧.૪૫, ૩.૩૦, ૭.૨૫, ૧૦.૩૫
**બાલા**
૧૧.૦૦, ૪.૩૫, ૧૦.૧૫
**હાઉસફૂલ-૪**
૧૨.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૫.૧૦, ૭.૪૫, ૧૦.૨૦

**સિટી પલ્સ, કુડાસણ**

**મરજાવા**
૧૨.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
**હાઉસફુલ-૪**
૩.૪૫, ૯.૩૦
**બાલા**
૯.૪૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

## ચિરવિદાય

- સ્વ. વાલીબેન કરશનભાઈ રબારી, ઉ.વ. ૮૫
- સ્વ. શાહ પારૂલબેન રાજેશકુમાર, ઉ.વ. ૫૪
- સ્વ. ઠાકોર શિવાજી મથુરજી, ઉ.વ. ૭૫
- સ્વ. ચચીબેન આતાજી ઠાકોર, ઉ.વ. ૮૦
- સ્વ. પરસોત્તમભાઈ આંબાભાઈ વાઘરી, ઉ.વ. ૭૦
- સ્વ. શરદચંદ્ર વસંતરાવ ગડકરી, ઉ.વ. ૮૧
- સ્વ. બચુભાઈ શંકરભાઈ મકવાણા, ઉ.વ. ૮૦

## લવ જેહાદ મુદ્દે બજરંગદળની પેથાપુર બંધની ચીમકી

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર ગામમાંથી તાજેતરમાં એક યુવક અને એક યુવતિ ગુમ થઈ ગયા છે. જેને પગલે પેથાપુર પોલીસ મથકમાં જાણવાજોગ નોંધ થઈ છે ત્યારે હવે આ મુદ્દે વીએચપી અને બજરંગ દળે ઝંપલાવતા યુવતિ લવ જેહાદનો શિકાર બની હોવાના આક્ષેપ સાથે કલેકટર કચેરી ખાતે આવેદન પત્ર આપ્યું છે. વીએચપી અને બજરંગદળે આક્ષેપ કર્યો છે કે યુવકના સમાજના મોટા માથાઓની મદદથી તે લવ જેહાદમાં સફળ થયો છે. જો કે તેઓએ ૪૮ કલાકમાં પેથાપુર પોલીસ મથકમાં હાજર કરવામાં નહીં આવે તો રવિવારના રોજ પેથાપુર બંધનું એલાન જાહેર કરવામાં આવશે. જયારે પેથાપુર પોલીસ આ અંગે તપાસ કરી રહી છે.